# પોલિટેકનિકના પ્રવેશના ફોર્મ અંગે વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચના

(૧) ડિપ્લોમા અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ઓનલાઇન gsauca.in, poly.gsauca.in, www.aau.in, www.sdau.edu.in, www.nau.in **અને** www.jau.in વેબસાઇટ ઉપરથી જોઇ / ડાઉનલોડ કરી શકાશે. ***અરજી ફોર્મ ભરતા પહેલા ઉમેદવારે ઓનલાઇન માહિતિ પુસ્તિકાનો પુરેપુરો અભ્યાસ કરી ફોર્મ ભરવાનું રહેશે.***

(૨) ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરવા માટે જરૂરી ડોકયુમેન્ટસ / ફોટોગ્રાફ/સહી વગરે વ્યવસ્થિત વાંચી શકાય તે રીતે સ્કેન કરી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

(૩) ૭/૧૨નો અને ૮-અ નો જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૦૧-૦૪-૨૦૨૪ અથવા ત્યાર પછીનો દાખલો રજુ કરવાનો રહેશે. જો જમીનધારક અને ઉમેદવાર વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થતો ન હોય તો પેઢીનામુ અથવા તે બંન્ને વચ્ચે સબંધ દર્શાવતું તલાટી કમ મંત્રી / મામલતદાર દવારા જારી કરેલ પેઢીનામું/દાખલો રજુ કરવાનો રહેશે. તેમજ ધોરણ-૧૦ ની માર્કશીટમાં દર્શાવેલ અટક અને ૭-૧૨, ૮-અ મા દર્શાવેલ અટકમાં ફેરફાર હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવાનુ રહેશે.

(૪) દિવ્યાંગજન ઉમેદવારોએ દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પિટલના સક્ષમ અધિકારી / સિવિલ સર્જન અથવા સુપ્રિન્ટેન્ડેન્ટનું પ્રમાણપત્ર પણ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાનુ રહેશે.

(૫) ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફોર્મ એક વખત વેરિફાઇ થયા બાદ તેમાં કોઈપણ સુધારો વધારો કરવા દેવામાં આવશે નહીં.

(૬) એડમિશન ફોર્મ વેરિફિકેશન થયા બાદ ચોઈસ ફિલિંગ કરવી ફરજિયાત છે. ચોઈસ ફિલિંગ કરેલ નહીં હોય તો તેવા વિદ્યાર્થીઓના નામનો સમાવેશ મેરીટ યાદીમાં કરવામાં આવશે નહીં.

(૭) ઓનલાઈન પ્રવેશ બાબત કોઈપણ મૂંઝવણ હોય તો તે માટે polyhelp2024@aau.in ઉપર ઈમેલ કરવો.

(૮) વિદ્યાર્થીએ પોતાનો કાર્યરત મોબાઈલ નંબર તેમજ ઈમેલ આઈ.ડી. ફોર્મમાં ભરવાના રહેશે.

(૯) પોલિટેકનિક પ્રવેશની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન હોઈ કોઈપણ વાલી/વિદ્યાર્થીએ યુનિવર્સિટી ખાતે રૂબરૂ આવવાનું રહેતું નથી.

(૧૦) પોલિટેકનિક પ્રવેશ પ્રક્રિયાની તારીખો તેમજ અન્ય અધ્યતન માહિતી માટે વેબસાઇટ poly.gsauca.in નિયમિતપણે જોતાં રહેવું.